# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


ક્રમાંક/B.K.N.M.U./N.S.S./114/2026 તા. 06/08/2026

**વિષય** – કોલેજોમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનું આયોજન કરવા બાબત.

**સંદર્ભ** – (૧) ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના તા. ૧૩-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક M/11018/1/26/BC મુજબ.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૨૭-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસય/૨૦૨૬/૬૨૧૭-૬૭૭૬ મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, **'ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી એક્ટ, ૧૯૨૦'** હેઠળ રચાયેલી **'ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી'** (IRCS) એ ભારતની અગ્રણી વૈજ્ઞાનિક અને માનવતાવાદી સંસ્થા છે. તેમજ સ્વૈચ્છિક, બિન-વેતનભારી (Non-remunerated) રક્તદાનને પ્રોત્સાહન આપતી રાષ્ટ્રીય નોડલ એજન્સી છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમના યુવાન, સ્વસ્થ અને સામાજીક રીતે જાગૃત વિદ્યાર્થીઓના વિશાળ સમુદાય સાથે સ્વૈચ્છિક રકતદાતાઓના સૌથી ટકાઉ અને વિસ્તૃત સ્ત્રોતો સાથે જોડાયેલ હોવાથી આપની સંસ્થામાં **દરેક શૈક્ષણિક વર્ષ દરમ્યાન** નજીકની IRCS શાખા અથવા નિયુક્ત સરકારી બ્લડબેંકના સહયોગથી **ઓછામાં ઓછી બે સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનું** આયોજન કરવા જણાવવામાં આવે છે.

IRCS દ્વારા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનું આયોજન કરવા માટે અમલીકરણ માળખું, સંસ્થાકીય જવાબદારીઓ, દાતાની પાત્રતા અને કાર્યકારી પદ્ધતિઓની રૂપરેખા આપતો એક વ્યાપક પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. ઉપરાંત, IRCS તાલીમબદ્ધ તબીબી ટીમો, મોબાઈલ બ્લડ કલેક્શન યુનિટ્સ, દાતાની તપાસ (સ્ક્રીનીંગ), રક્તદાન પછીની સંભાળ, દાતા પ્રમાણપત્ર અને 'e-Raktkosh' પોર્ટલ પર રીયલ ટાઇમ રીપોર્ટીંગ સહિતની સંપૂર્ણ સહાય પૂરી પડશે. જ્યાં IRCSની શાખા ઉપલબ્ધ ન હોય, ત્યાં સુચારૂ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે નજીકની સરકારી હોસ્પીટલના બ્લડબેંક સાથે સંકલન સાધી શકાય.

આથી કોલેજ/યુનિટની સક્રિય ભાગીદારી સ્વૈચ્છિક રક્તદાન અભિયાનને નોંધપાત્ર રીતે મજબુત બનાવશે, વિદ્યાર્થીઓમાં નાગરિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપશે અને સુરક્ષિત તથા પર્યાપ્ત રક્તની ઉપલબ્ધતાના રાષ્ટ્રીય લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા યોગદાન આપવા જણાવવામાં આવે છે.

પ્રો. કો- ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ
BKNMU – જુનાગઢ

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh - 362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in